
કાલુપુર બેંક

ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.

સ્થાપના : ૧૯૭૦

મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક




સંકલન
એચ. વી. ઉપાધ્યાય

# ચાલો વસિયત બનાવીએ...

## વસિયત

માન્યતાઓ અને હકીકતો.


સંકલન
એચ. વી. ઉપાધ્યાય



કાલુપુર બેંક
ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.
સ્થાપના : ૧૯૭૦
મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક

## ''વસિયત'' માં ઉપયોગી
## ''શબ્દાવલિ'' ની સમજ

| | | | |
|---|---|---|---|
| ૧) | ટેસ્ટેટર | : | વસિયત લખનાર પુરૂષ વ્યક્તિ |
| ૨) | ટેસ્ટેટ્રીક્સ | : | વસિયત લખનાર સ્ત્રી વ્યક્તિ |
| ૩) | એટેસ્ટીંગ વીટનેસ | : | વસિયતને પ્રમાણિત કરતા સાક્ષીઓ |
| ૪) | લીગાસી | : | જેનું વિભાજન અથવા માલિકી પરિવર્તન થવાનું છે તે ''સંપત્તિ'' |
| ૫) | લીગાટી | : | વસિયત દ્વારા સંપત્તિ જેને મળવાની છે તેવા લાભાર્થી |
| ૬) | ઓલ્ટરનેટ લીગાટી | : | વસિયતમાં નિર્દેશ થયેલ લાભાર્થીની હયાતી ન હોય તો ઓલ્ટરનેટ એટલે કે તેના બદલામાં નિર્દેશિત લાભાર્થી |
| ૭) | એક્ઝીક્યુટર | : | પુરૂષ વ્યક્તિ જે વસિયતના આદેશોનો અમલ કરે તે |
| ૮) | એક્ઝીક્યુટ્રીક્સ | : | સ્ત્રી વ્યક્તિ જે વસિયતના આદેશોનો અમલ કરે તે |
| ૯) | સોલ એક્ઝીક્યુટર | : | એક જ વ્યક્તિ જે વસિયતમાં લખેલ આદેશોનો કાયદાકીય અમલ કરે. |
| ૧૦) | જોઈન્ટ એક્ઝીક્યુટર | : | વસિયતમાં લખેલ આદેશોનો અમલ કરવા બે વ્યક્તિના નામ (લખ્યા હોય તો) |
| ૧૧) | એક્ઝીક્યુટર ઓફ ફર્સ્ટ ડીગ્રી | : | વસિયતના આદેશોનો અમલ કરવા જેને પ્રથમ સૂચના હોય તેવી વ્યક્તિ |
| ૧૨) | સબસ્ટીટયુટેડ એક્ઝીક્યુટર | : | વસિયતમાં લખેલ આદેશોના અમલ માટે નિયુક્ત બીજી વ્યક્તિ |
| ૧૩) | એડમીનીસ્ટ્રેટર | : | જ્યાં એક્ઝીક્યુટરની નિયુક્તિ ન થઈ હોય તેવા કિસ્સામાં કોર્ટ દ્વારા નિયુક્ત થયેલ વ્યવસ્થાપક |
| ૧૪) | રેસીડયુઅરી પ્રોપર્ટી | : | જે સંપત્તિનો વસિયતમાં ઉલ્લેખ કરાયો નથી તેવી સંપત્તિ |
| ૧૫) | રેસીડયુઅરી લીગાટી | : | ઉલ્લેખ વગરની સંપત્તિ જેને આપવામાં આવે તે |
| ૧૬) | એડેમ્પશન ઓફ પ્રોપર્ટી | : | વ્યક્તિના મૃત્યુ વખતે જે સંપત્તિનું અસ્તિત્વ નથી તેવી સંપત્તિ. દા.ત. પાછળથી વારસામાં મળનારી સંપત્તિ |
| ૧૭) | પ્રોબેટ | : | જે તે સત્તાવાળી કોર્ટમાંથી વસિયતની અસલિયત માટે મેળવેલું સર્ટીફીકેટ |

# ''વસિયત''

'વસિયત' એટલે વ્યક્તિના મૃત્યુ પછીજ તેની ઈચ્છા મુજબ તેની સંપત્તિના વિભાજનનો આદેશપત્ર.

''વસિયત'' શબ્દ સાંભળતા જ વ્યક્તિ વ્યથા અનુભવે છે. પરમાત્માએ આપેલું જીવન ક્યારે પૂર્ણ થશે તેની કોઈને ખબર નથી, છતાં દરેક લાંબા આયુષ્યની નિશ્ચિંતતતામાં ચિંતા રહીત રહેવાનું જોખમ ઉઠાવે છે.

એ સાચું છે કે 'વસિયત' નો અમલ વ્યક્તિના મૃત્યુ પછી જ થવાનો છે. છતાંય વસિયતનામું લખતી વ્યક્તિ જાણે પોતાના મૃત્યુની આમંત્રણ પત્રિકા લખતો હોય તેવો ભય રાખે છે અને કુટુંબના સ્નેહીઓ પણ તેમને આવીજ સલાહ આપતા હોય છે કે ''હજુ મરવાને વાર છે.'' એટલે ઉતાવળ ન કરવી.

વસિયત સંબંધી જરૂરી જાણકારી અને સમજ કેળવાય તથા તેના કલ્પિત ભયથી મુક્ત થવાય તેવા હેતુથી આ સંકલન કર્યું છે. આશા છે કે આ સમજણનો સાચી દિશામાં શ્રેષ્ઠ ઉપયોગ થશે અને તે પણ માનવસેવા જ ગણાશે.

આ સંકલનના માર્ગદર્શક સ્વ. શ્રી પી. એન. ભટ્ટનો ઋણ સ્વીકાર કરુ છું.

- હેમંત ઉપાધ્યાય

# ''વસિયત''

જ્યારે વસિયત સંબંધી ચર્ચા શરૂ કરીએ ત્યારે પ્રથમ એ જાણવાનો પ્રયાસ કરીએ કે વસિયત સંબંધી કાયદા કયા કયા ?

(૧) ઈન્ડિયન સક્સેસન એકટ

(૨) આપણે હિન્દુ હોઈએ તો હિન્દુ સક્સેસન એકટ

(૩) રજીસ્ટ્રેશન એકટ

ઈન્ડિયન સક્સેસન એકટની કલમ ૪(એલ) માં વસિયતની વ્યાખ્યા આપી છે.

**પ્રશ્ન-૧ વસિયત એટલે શું ?**

જવાબ: વસિયત દ્વારા કરવામાં આવેલ કાયદેસરનો આદેશપત્ર (પુરૂષ અથવા સ્ત્રી) જેમાં પોતાના મૃત્યુ બાદ પોતાની સંપત્તિની વહેંચણી અથવા નિકાલ કરવાની સ્પષ્ટ સૂચનાઓ હોય. આ દસ્તાવેજને વસિયત કહેવાય.

**પ્રશ્ન-૨ વસિયતનામા પર કેટલી સ્ટેમ્પ ડયુટી લાગે ?**

જવાબ: કાયદામાં નિયમ છે કે દરેક દસ્તાવેજની કાયદેસરતા માટે તેના ઉપર સ્ટેમ્પ ડયુટી લગાડવામાં આવે. આમ છતાંય વસિયતના દસ્તાવેજ પર કોઈપણ પ્રકારની સ્ટેમ્પ ડયુટી લાગતી નથી.

**પ્રશ્ન-૩ વસિયતનામું બનાવવું જરૂરી છે ?**

જવાબ: વસિયતનામું બનાવવાનું ખૂબ ખૂબ અગત્યનું અને જરૂરી છે સિવાય કે તમને ખાત્રી હોય કે તમારૂ મૃત્યુ થવાનું નથી. કુટુંબના સભ્યોમાં હાલ દેખાતી એકતા, સમજ કે સંપમાં ક્યારે વિખવાદ થશે એ કોઈને ખબર નથી માટે પણ વસિયતનામું બનાવવું જરૂરી છે. વસિયતનામું બનાવવા કોઈ વકીલની જરૂર નથી. સાદી સરળ ભાષામાં તમે લખેલા આદેશોમાં પાછળથી કોઈ ગુંચવાડા ન થાય એવા સ્પષ્ટ આદેશો એક સાદા કાગળમાં લખી બે વ્યક્તિઓની (જેમાં તમારા નજીકના સગાં ન હોય તથા લાભાર્થી ન હોય) સાક્ષી તરીકેની સહી કરાવો. બસ વસિયત તૈયાર.

**પ્રશ્ન-૪ કઈ ઉંમરે વસિયતનામું બનાવવું જોઈએ ?**

જવાબ: પુખ્ત ઉંમર એટલે કે ૧૮ વર્ષ પછી, બને તેટલું વહેલું, વસિયતનામું બનાવવું ફાયદાકારક અને લાભદાયી છે.

**પ્રશ્ન-૫ કોણે વસિયતનામું બનાવવું ન જોઈએ ?**

જવાબ: વસિયતનો અમલ મૃત્યુ પછી થાય એટલે જે અમર રહેવાના હોય તે ન બનાવે અને વસિયતનામું વારંવાર બદલી શકાય છે માટે એનો ભય પણ રાખવાની જરૂર નથી.

**પ્રશ્ન-૬ વસિયતનામું ક્યારે ન બનાવવું કે ન લખવું જોઈએ ?**

જવાબ: જ્યારે તમે અતિશય ગુસ્સામાં હો અથવા અતિશય લાગણીશીલ કે દુઃખી હો ત્યારે. જ્યારે તમારી વિચારશક્તિની સમતુલા બરાબર ન હોય અથવા માનસિક આઘાત હોય ત્યારે વસિયતનામું ન લખવું.

**પ્રશ્ન-૭ શું વસિયતનામું અંગ્રેજીમાં જ લખવું પડે ?**

જવાબ: ના. ભારતમાં બોલાતી, લખાતી કે વંચાતી કોઈપણ ભાષામાં વસિયતનામું લખી શકાય. તમે જે ભાષા સમજતા હો અને તમારું કુટુંબ જે ભાષા વાંચી ને સમજી શકે એવી કોઈપણ ભાષામાં વસિયતનામું લખી શકાય.

**પ્રશ્ન-૮ એકવાર લખેલું વસિયતનામું સુધારી શકાય કે બદલી શકાય ?**

જવાબ: હા. ચોક્કસ તમે વસિયતનામામાં અનેક સુધારા કરી શકો, તેને બદલી શકો અથવા નવેસરથી નવું વસિયતનામું લખી શકો.

**પ્રશ્ન-૯ વસિયતનામું કેટલી વાર બદલી શકાય ?**

જવાબ : તમારી ઈચ્છા હોય તેટલીવાર. રોજ સવારે તમે નવું વસિયતનામું લખી શકો. આની પર કોઈ સ્ટેમ્પ ડયુટી નથી કે તેનું રજીસ્ટ્રેશન કરાવવાનું હોતું નથી માટે તમારી ઈચ્છા હોય, પરિસ્થિતિ બદલાય, સંબંધ બદલાય, સેવા બદલાય અને તમારો નિર્ણય બદલાય તેટલી વાર વસિયત બદલી શકાય.

**પ્રશ્ન-૧૦ શું વસિયતમાં સાક્ષીની જરૂર છે ?**

જવાબ : હા, ચોક્કસ દરેક વસિયતમાં ઓછામાં ઓછા બે સાક્ષીની સહી હોવી જરૂરી છે. આ સાક્ષી તમારા દુરના પણ સગા ન હોય તે હિતાવહ છે અને જેને સંપત્તિમાં ભાગ મળવાનો છે તેવી વ્યક્તિ પણ ન હોવી જોઈએ. સાક્ષી તરીકે સહી કરનારને વસિયતનામું વંચાવવાની જરૂર નથી . તેણે વાંચવું પણ ન જોઈએ જે વાંચ્યા વગર સહી કરવાની ના પાડે તેને સાક્ષી તરીકે લેવો પણ નહીં. તમારા સિવાય તમારૂં વસિયતનામું કોઈને પણ વંચાવો નહીં, તમારી પત્ની કે પતિને પણ નહીં.

એટેસ્ટેશનનો અર્થ છે કે શ્રીયુત અ બ ક એ જેણે વસિયતનામું આજે તારીખ ૭મી ડીસેમ્બર ૨૦૦૩ ના રોજ લખ્યું છે તેણે વસિયતનામાં પર અમારી હાજરીમાં સહી કરી છે અને તેની વિનંતીથી અમે દરેક સાક્ષીએ પરસ્પરની હાજરીમાં આ વસિયતનામાં પર સહી કરી છે. અમારી સાક્ષી માત્ર વસિયત લખનાર વ્યક્તિની સહી માટેની છે, વસિયતની અંદર લખેલા લખાણ કે આદેશો માટે નહીં.

**વસિયતના દરેક સાક્ષીઓ એક સાથે, એક સ્થળે સહી કરે તે જરૂરી છે.**

**પ્રશ્ન-૧૧ વસિયતમાં સાક્ષી તરીકે કોણ સહી કરી શકે ?**

જવાબ : કોઈપણ પુખ્ત ઉંમરની વ્યક્તિ જેને કાયદાકીય રીતે દસ્તાવેજમાં સહી કરવાનો અધિકાર હોય. સાક્ષીની હાજરીમાં વસિયત કરનાર વ્યક્તિએ સહી કરી છે એ સ્થાપિત કરવાનું છે. વસિયતના લખાણને નહીં.

**પ્રશ્ન-૧૨ વસિયતમાં કોણે સાક્ષી બનવું ન જોઈએ ?**

જવાબ : કાયદાકીય રીતે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિ સાક્ષી બની શકે નહીં અને શક્ય હોય ત્યાં વસિયત લખાનારના નજીકના તથા દુરના સગા અને લાભાર્થીએ સાક્ષી તરીકે સહી ન કરવી હિતાવહ છે.

**પ્રશ્ન-૧૩ એક્ઝીક્યુટર તરીકે કોણ રહી શકે ?**

જવાબ : તમારો નજદીકનો કુટુંબીજન અથવા લાભાર્થી પોતે પણ રહી શકે. સાક્ષી તરીકે સહી કરનાર પણ એક્ઝીક્યુટર થઈ શકે. એક્ઝીક્યુટર ક્યાં તો વસિયતમાં સ્પષ્ટ નિર્દેશ કરેલી વ્યક્તિ હોય અથવા કોર્ટ દ્વારા નિમણૂંક થયેલી વ્યક્તિ હોય.

**પ્રશ્ન-૧૪ એક્ઝીક્યુટરની જરૂરીયાત ખરી ?**

જવાબ : હા, એક્ઝીક્યુટરની ઘણી જવાબદારી હોય છે. એક્ઝીક્યુટરના પ્રકાર હોય છે, સોલ એક્ઝીક્યુટર, જોઈન્ટ એક્ઝીક્યુટર, ઈન્સ્ટીટયુટેડ એક્ઝીક્યુટર ઓફ ફર્સ્ટ ડીગ્રી, સબ્સ્ટીટયુટેડ એક્ઝીક્યુટર ઓફ સેકન્ડ ડીગ્રી. વસિયત લખનાર વ્યક્તિના કાયદાકીય આદેશોના અમલની જવાબદારી એક્ઝીક્યુટરની હોય છે. દા.ત.: તમારી બે લાખની ફીક્સ ડીપોઝીટ છે, તેને પાકતી મુદતે તમારા દિકરા-દિકરી બંનેને એક એક લાખ આપવાના છે, આ કામ એક્ઝીક્યુટર કરે. તમારૂં મૃત્યું ભલે થયું પણ તમારી ઈન્કમટેક્ષની જવાબદારીઓ પૂર્ણ કરે વસિયતમાં લખવું પડે કે શ્રીમાન અબક મારી વસિયતનો એકજ એક્ઝીક્યુટર છે અથવા બે હોય તો જોઈન્ટ એક્ઝીક્યુટર

અથવા એક્ઝીક્યુટર ઓફ ફર્સ્ટ ડીગ્રી, સબ્સ્ટીટયુટેડ એક્ઝીક્યુટર વગેરે સ્પષ્ટ નિર્દેશ કરવો પડે. એક્ઝીક્યુટર અને એડમીનીસ્ટ્રેટર બે અલગ છે. વસિયતનાં કોઈ એક્ઝીક્યુટરના નામનો ઉલ્લેખ ન હોય અથવા એકજ એક્ઝીક્યુટર હોય અને તે પણ મૃત્યુ પામે તો કોર્ટ જેને એક્ઝીક્યુટરની જવાબદારીઓ સોંપે તેને એડમીનીસ્ટ્રેટર કહેવાય.

**પ્રશ્ન-૧૫ વસિયતમાં એક્ઝીક્યુટર ન લખ્યો હોય તો શું થાય ?**

જવાબ : એક્ઝીક્યુટરનો નિર્દેશ ન હોય ત્યારે વસિયતમાં લખેલ સંપત્તિના વિભાજનનો અમલ કરવા કોર્ટ મારફત એડમીનીસ્ટ્રેટર નિમાવવો પડે. મહારાષ્ટ્ર, ચેન્નાઈ અને બંગાલમાં આને માટે સ્પેશ્યલ કોર્ટ છે જેને પ્રોથોનોટરી કોર્ટ કહેવાય. આવી કોર્ટમાં જલ્દીથી એડમીનીસ્ટ્રેટરની નિમણૂંક થાય અને વસિયતની સચ્ચાઈ અને કાયદેસરતા માટે પ્રોબેટ મેળવવું પડે. ગુજરાતમાં આપણે સીટી સીવીલ કોર્ટમાં અરજી કરવી પડે અને કેસનો નિકાલ આવતા કદાચ દસ વર્ષ થઈ જાય એટલે એક્ઝીક્યુટરની નિમણૂંક ખુબ મહત્વની છે.

**પ્રશ્ન-૧૬ વસિયત ક્યાં બનાવવી જોઈએ અને પ્રોબેટ એટલે શું ?**

જવાબ : વસિયત ગમે તે સ્થળે બનાવી શકાય. વસિયતમાં લખેલ સંપત્તિ મુંબઈ, ચેન્નાઈ, સુરત ગમે તે સ્થળે હોય તો પણ ચાલે અને ગમે તે સ્થળેથી વસિયત બનાવી શકાય. આવી સંપત્તિના વિભાજન અથવા નામ પરિવર્તન માટે કોર્ટમાંથી પ્રોબેટ મેળવવો જરૂરી છે. પ્રોબેટ એટલે કોર્ટ દ્વારા વસિયતની કાયદેસરતા અંગે આપેલો પત્ર.

**પ્રશ્ન-૧૭ કઈ કોર્ટમાંથી પ્રોબેટ મળે ?**

જવાબ : મહારાષ્ટ્રમાં પ્રોથોનોટરી કોર્ટ છે જે વસિયત અંગેનાજ કામ કરે છે. જ્યાં એક્ઝીક્યુટરની નીમણૂંક કરેલી હોય ત્યાં કોર્ટ પ્રોબેટ આપે અને જ્યાં એક્ઝીક્યુટરની નીમણૂંક નથી ત્યાં સીટી સીવીલ કોર્ટ દ્વારા Letter of administration લેવો પડે અને કોર્ટજ એડમીનીસ્ટ્રેટરની નીમણૂંક કરે, આ પ્રક્રિયા ખુબજ લાંબી છે.

**પ્રશ્ન-૧૮ રેસીડયુઅરી લીગાસી એટલે શું ?**

જવાબ : રેસીડયુઅરી એટલે બચેલી સંપત્તિ. વસિયતનામામાં જેનો સ્પષ્ટ ઉલ્લેખ નથી પણ લખાયું હોય કે વસિયતમાં દર્શાવ્યા સિવાયની મારી સઘળી સંપત્તિ, ભાગ વગેરે મારી પત્ની/પુત્રી વગેરેને આપવી. આ રેસીડયુઅરી લીગાટી (લાભાર્થી) કહેવાય.

**પ્રશ્ન-૧૯ કોડોસિલ એટલે શું ?**

જવાબ : વસિયતનામાંની પાછળ જોડાયેલ વધારાનું લખાણ અથવા કોઈ લખાણનું સવિસ્તાર વિતરણ પાછળ જોડયું હોય તેને કોડોસિલ કહેવાય.

**પ્રશ્ન-૨૦ એડેમ્પશન ઓફ લીગાસી એટલે શું ?**

જવાબ : વસિયતમાં લખાયેલ સંપત્તિ, વસિયતનો અમલ થાય તે પહેલા અસ્તિત્વહીન થઈ હોય તેને એડેમ્પશન કહેવાય. દા.ત. મકાન લખ્યું હોય પણ વસિયત લખનારના મૃત્યુ પહેલા તેને વેચી દેવાયું હોય અથવા ફીક્સ ડિપોઝીટ રસીદ પાકી જતાં ઉપાડી લઈને તે પૈસા વાપરી નાંખ્યા હોય.

**પ્રશ્ન–૨૧ લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન એટલે શું ?**

જવાબ : સ્થાયી સંપત્તિ માટે માન્ય કોર્ટ દ્વારા પ્રાપ્ત થયેલ કાયદેસરના અધિકાર પત્રને લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન કહેવાય. ચલ સંપત્તિ માટે સક્સેશન સર્ટીફીકેટ એટલે વારસાઈ પત્ર મેળવવો પડે.

**પ્રશ્ન-૨૨ ''વસિયત'' નું રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે ?**

જવાબ : વસિયતનું રજીસ્ટ્રેશન ફરજીયાત નથી. વસિયત લખનાર તેને રજીસ્ટ્રેશન માટે રજુ કરી શકે અથવા તેના મૃત્યુ પછી એક્ઝીક્યુટર પણ રજીસ્ટ્રેશન માટે અરજી કરી શકે છે. વસિયતનું રજીસ્ટ્રેશન કરાવવા માટે કોઈ સમય મર્યાદા નથી, તેનું રજીસ્ટ્રેશન ન કરાવો તો પણ તેનું મૂલ્ય ઘટતું નથી, તે દસ્તાવેજ જ રહે છે. રજીસ્ટ્રેશન એક્ટની કલમ-૧૬ અને ૧૭ માં વસિયતના રજીસ્ટ્રેશન માટે લખેલ છે એટલે વસિયત રજીસ્ટર કરાવો કે ન કરાવો તેની અસરકારકતામાં કોઈ ફરક પડતો નથી.

**પ્રશ્ન-૨૩ ''વસિયત'' નું રજીસ્ટ્રેશન ક્યાં કરાવવાનું હોય છે ?**

જવાબ : રજીસ્ટ્રાર ઓફ એસ્યોરન્સ ની ઓફીસમાં.

**પ્રશ્ન-૨૪ ''વસિયત'' ના કોડોસિલને રજીસ્ટર કરાવવું પડે ?**

જવાબ : એ મરજિયાત છે. વસિયત એ દસ્તાવેજ છે, એટલે દસ્તાવેજમાં સુધારા-વધારા, બાદબાકી તથા ઉમેરો સંભવિત છે. જ્યારે કોડોસિલ બનાવો ત્યારે લખ્યું હોય કે મારૂં તારીખઃ ૨૦-૯-૦૨ ના બનાવેલ વસિયતનામામાં પાના-૩ ના ત્રીજા ફકરામાં જેમાં લખ્યું છે કે ''મારી ૨૦ લાખની ફીક્સ ડિપોઝીટમાંથી

રૂા. દસ લાખ મારી પત્નીને આપવા તથા બાકીના રૂા. દસ લાખમાંથી રૂા. પાંચ લાખ મારા પુત્રને અને વ્યાજ સહિતની વધેલી રકમ મારી પુત્રીને આપવી. હવે આ ફીક્સ ડિપોઝીટ પાકી જતાં આજરોજ હું તેને ફરીથી ફીક્સમાં મુકું છું જેનું મૂલ્ય રૂા. ૩૧ લાખ છે, હવે તેમાંથી રૂા. ૧૫ લાખ મારી પત્નીને તથા રૂા. ૮ લાખ મારા પુત્રને તથા વ્યાજ સહિતની બાકીની રકમ મારા દોહિત્રને આપવી.'' કોડોસિલ નં. ૧ આજની તારીખે લખ્યું છે. બે સાક્ષીની સહી કરાવો પછી અસલ વસિયતનું રજીસ્ટર ન કરાવો તો પણ ચાલે.

**પ્રશ્ન-૨૫ વસિયતમાં એક્ઝીક્યુટર શું જરૂરી જ છે ?**

જવાબ : હા, વસિયતમાં એક્ઝીક્યુટર ન હોય તો કોર્ટ લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન આપે અને એડમીનીસ્ટ્રેટરની નીમણૂંક કરાવવી પડે.

**પ્રશ્ન-૨૬ વસિયતમાં કોઈ કાયદાકીય ભાષા હોય છે ?**

જવાબ : ના, તમે તમારી ભાષામાં સરળ શબ્દોમાં વસિયત લખી શકો, પણ જે લખાણ હોય તે સ્પષ્ટ હોય અને ચોક્કસ હોય તે જરૂરી છે. ગુંચવાડા ભર્યું કે અસંદિગ્ધ લખાણ ન લખવું. દા.ત.: ''મારી સંપત્તિ બે પુત્રો માટેની છે પણ મોટા પુત્રએ મારી લાગણીઓ દુભાવી છે અને તેને તથા પુત્રવધુને યોગ્ય પશ્ચાતાપ ન થાય અથવા મારી સાથેનો વ્યવહાર ન સુધરે ત્યાં સુધી મારી સંપત્તિમાંથી ભાગ ન આપવો.'' આવા આદેશો ઝઘડાનું મૂળ બની શકે. માટે સ્પષ્ટ લખાણ લખવું.

**પ્રશ્ન-૨૭ રજીસ્ટર્ડ અને અનરજીસ્ટર્ડ વસિયત, બેમાંથી વધારે અસરકારક કયું ?**

જવાબ : બંને. વસિયતનું રજીસ્ટ્રેશન જરૂરી નથી. એટલે બેમાંથી એક ચઢિયાતું અને બીજું ઉતરતું એવું નથી, બંનેની કાયદેસરતા સરખી જ છે.

**પ્રશ્ન-૨૮ શું ''વસિયત'' કોઈ વકીલ દ્વારા બનાવવી જોઈએ ?**

જવાબ : ના, જરૂરી નથી. ગમે તે વ્યક્તિ વસિયત લખી શકે. કદાચ વકીલ તમારા ઈરાદાઓને વધારે સ્પષ્ટ અને ચોક્કસ રીતે લખી શકે તે સંભવિત છે.

**પ્રશ્ન-૨૯ શું પતિ અને પત્નીને અલગ વસિયતનામું લખવું જોઈએ ?**

જવાબ : હા. તે આવકારદાયક છે. તમારી સંપત્તિ જો અલગ અલગ નામે હોય તો અવશ્ય.

**પ્રશ્ન-૩૦ સ્થાયી સંપત્તિમાં નોમીનેશન કરવાથી ટ્રાન્સફર ન થાય ?**

જવાબ : હું એમ સમજુ કે મારા બંગલા માટે મેં મારી પત્નીનું નોમીનેશન કર્યું છે એટલે હું નિશ્ચિંત છું. ના તમારા મૃત્યુ પછી તમારો દિકરો કે દિકરી સોસાયટીને લેખિત આપે કે આ સંપત્તિમાં મારો ભાગ છે માટે તે મારી માતાને નામે ટ્રાન્સફર ન કરવી. બસ પછી કાયદેસરના વારસા અથવા ભાગ માટે કોર્ટના ધક્કા ખાવા રહ્યા. આમાં માત્ર 'વસિયત' જ મદદ કરી શકે. હિન્દુ સક્સેશન એક્ટની કલમ-૮ મુજબ તે પણ વારસ ગણાય અને તેથી નોમીનેશન કર્યું હોય તો પણ સંપત્તિ ટ્રાન્સફર ન થાય. 'નોમીની' તો સંપત્તિનો વ્યવસ્થાપક (કસ્ટોડીયન) છે તે માલિક બની જતો નથી. નોમીનેશનથી શેર ટ્રાન્સફર થાય પણ નોન-ટ્રેડીંગ ઓર્ગેનાઈઝેશન કે નોન ટ્રેડીંગ એસોસીએશનમાં તો નોમીનેશનની સવલતજ નથી. જીવન વિમા પોલીસીમાં નોમીનેશન, ઈન્સ્યુરન્સ એક્ટની કલમ-૩૯ મુજબ છે. જે ઘણું મર્યાદિત છે. કો-ઓપરેટીવ સોસાયટીમાં ફ્લેટ/ટેનામેન્ટનું નોમીનેશન માટે ગુજરાત કો-ઓ. સોસાયટી એક્ટની કલમ-૩૧ છે. તમે જે રાજ્યમાં હો ત્યાંનાં સહકારી કાયદા જોવા પડે એટલે જ્યારે હું વસિયતમાં લખું કે મારી જીવન વિમાની રકમ મારી પત્નીને આપવી અને પોલીસીમાં પુત્રીને નોમીનેટ કરી હોય તો પણ જીવન વિમા નિગમ પોલીસીની રકમ મારી પત્નીનેજ આપે.

**પ્રશ્ન-૩૧ કઈ સંપત્તિ માટે 'વસિયત' બનાવવું જોઈએ ?**

જવાબ : જે સંપત્તિ પર તમારી સંપૂર્ણ માલિકી હોય. વ્યક્તિ પાસે સંપત્તિ ત્રણ પ્રકારે આવે (૧) પોતાની મેળે વસાવેલી સંપત્તિ (૨) વારસામાં મળેલી સંપત્તિ (૩) ઈન્ડીપેન્ડન્ટ પ્રોપર્ટી તમારા માતૃપક્ષેથી મળેલી સંપત્તિ ઈન્ડીપેન્ડન્ટ પ્રોપર્ટી કહેવાય. તમારા પિતા તરફથી મળેલી સ્વમેળે વસાવેલી સંપત્તિ જો તમને વસિયતથી આપી હોય તો તે પણ ઈન્ડીપેન્ડન્ટ સંપત્તિ કહેવાય.

આવી દરેક સંપત્તિનો વસિયતનામામાં ઉલ્લેખ કરી શકાય.

## 'વસિયતનામું' બનાવવા માટે માર્ગદર્શિકા
## 'વસિયત' એટલે મારી વ્યક્તિગત આર્થિક વ્યવસ્થાનું આયોજન

- **વસિયતનામું બનાવો, તે તદ્દન સરળ છે.**

  વસિયત બનાવતા મુંઝાવો નહીં કે ગભરાવો નહીં. એક માન્યતા છે કે મૃત્યુ નજીક દેખાય ત્યારેજ વસિયતનામું બનાવવું, આ ગંભીર ભૂલ છે. ઘણાં વસિયત લખે ત્યારે પુરૂં વિચારતા નથી. તમારા કોઈક નજીકના મિત્ર, વકીલની સલાહ લેવી લાભદાયક બને. વસિયતમાં એક્ઝીક્યુટરનું નામ પણ વિચારીને લખવું, શક્ય છે કે તમારી સરખી ઉંમરના મિત્રને એક્ઝીક્યુટર તરીકે નીમો અને તમારા પહેલા તેનું મૃત્યું થઈ શકે છે, માટે તમારા કરતા નાની તથા પુખ્ત ઉંમરની વ્યક્તિને એક્ઝીક્યુટર તરીકે નીમવી હિતાવહ છે. સંપત્તિવેરાની આંટી ઘૂંટીમાં વસિયતનામું ખૂબ ફાયદાકારક સાબિત થયેલ છે.

- **વસિયત લખતા પહેલા :-**

  એક કાગળ લઈને તેની ઉપર તમારી તમામ સંપત્તિની યાદી બનાવો. બને તો દરેક સંપત્તિની ઓળખ લખો. દા.ત.: મંગલસૂત્ર જેમાં લોકીટમાં કૃષ્ણનું પેંડલ છે અથવા ગળાનો હાર જેની ડીઝાઈનમાં નીચે પાંદડા છે.

  પછી સ્પષ્ટ આદેશ મારી મિલકત હું મારી પત્નીને આપું છું, મારા મૃત્યુ સમયે તેની હયાતી ન હોય તો મારા ભત્રીજા નામે..... અબકને આપું છું, મારી પાસેની રકમમાંથી રૂા. ૨૫,૦૦૦ નું દાન સર્વોદય સંસ્થાને આપવું, બાકીની રકમ મારી પત્ની અને પુત્રને સરખે ભાગે આપવી અથવા તેમાંથી એકની હયાતી ન હોય તો સંપૂર્ણ રકમ બીજાને આપવી. વસિયત લખ્યા પછી બે સાક્ષીની હાજરીમાં સહી કરવી. વસિયતમાં લખવું ''આ મારૂં આખરી અને છેલ્લું વસિયતનામું છે. હું હેમંતકુમાર ઉપાધ્યાય, જન્મ તારીખઃ ૨૮-૭-૪૬, રહેઠાણઃ શ્રેયસ એપાર્ટમેન્ટસ, શ્રેયસ ટેકરા, આંબાવાડી, અમદાવાદ. આજરોજ તારીખ: ૨૭ મી સપ્ટેમ્બર ૨૦૦૩ ના રોજ મારૂં આખરી વસિયતનામું લખું છું.'' વસિયતમાં ટેલીફોન, ટ્રાન્સફર માટે ગાડી, સ્કુટર વગેરે માટે પણ લખી શકાય. વસિયતના દરેક પેજ પર તમારી અને બે સાક્ષીની સહી હોવી જરૂરી છે.

  **પાવર ઓફ એટર્ની વસિયતનામાનો પર્યાય નથી, કારણ પાવર ઓફ એટર્ની વ્યક્તિ જીવીત હોય ત્યાં સુધીજ અમલમાં રહી શકે તેના મૃત્યુ પછી નહીં.**

  વસિયતનામું તમારા કુટુંબને નુક્શાન, ધંધાકીય ગુંચવણો, મુશ્કેલીઓ, મુંઝવણો અને સમયના વિલંબમાંથી બચાવી શકે છે.

## ' વસિયતનામા માટે ચેકલીસ્ટ '

૧) વસિયતનામું હાથે લખી શકાય કે ટાઈપ કરી શકાય, પણ તે પેન્સીલથી ન લખાય.

૨) એક કરતા વધરે એક્ઝીક્યુટરની નિમણૂંક લાભકારક હોય છે.

૩) તમારી વસિયતના દરેક લાભાર્થીને ટકા નક્કી કરવા સારા છે. જેથી સંપત્તિમાં ફેરફાર થાય અથવા મૂલ્યમાં વધઘટ થાય તો પણ વહેંચણીમાં તકલીફ ન પડે.

૪) વસિયતનામું તમારી હાજરીમાં અને બંને સાક્ષીઓની પરસ્પરની હાજરીમાં એકજ સમયે સહી થવું જોઈએ. બંને સાક્ષીના પૂરા નામ અને સંપૂર્ણ સરનામાં લખવા હિતાવહ છે. સાક્ષીએ વસિયત વાંચવાની જરૂર નથી.

૫) એક્ઝીક્યુટર અથવા લાભાર્થીએ વસિયતમાં સાક્ષી તરીકે સહી ન કરવી જોઈએ.

૬) વસિયતનામામાં લખેલ એક્ઝીક્યુટર/ એક્ઝીક્યુટ્રીક્સ લાભાર્થી હોઈ શકે.

૭) વસિયતનામાના દરેક પેજ પર સહી કરવી અને શક્ય હોય તો સાક્ષીની પણ સહી લેવી.

૮) દરેક પેજમાં જ્યાં લખાણમાં સુધારો કર્યો હોય અથવા છેકછાક થઈ હોય ત્યાં ટેસ્ટેટરે સહી કરવી.

૯) શક્ય હોય તો વસિયતની કોપી પર પણ વસિયત લખનાર તથા બે સાક્ષીઓએ સહી કરવી એટલે એક વસિયત ગુમ થવાના અથવા ન શોધી શકાય તેવા કિસ્સામાં વસિયતની બીજી કોપી પણ વસિયત જ ગણાય.

૧૦) વસિયતને કોઈ ચોક્કસ સ્થળે મૂકો અને એક્ઝીક્યુટર તથા લાભાર્થીને તેની જાણ કરો.

૧૧) તમારા વસિયતને વર્ષમાં એકવાર ફરીથી જરૂર વાંચી જાવ અને શક્ય તથા જરૂરી સુધારા નિયમિત રીતે કરતા રહો.

૧૨) વસિયતમાં જ્યારે સુધારો કરો અથવા કોડોસિલ લગાવો ત્યારે તે દિવસની તારીખ અવશ્ય લખો.

૧૩) વસિયત લખનારે પોતાની જન્મ તારીખ અવશ્ય લખવી.

૧૪) લાભાર્થીની પણ સંપૂર્ણ ઓળખાણ લખવી. બની શકે કે એકજ નામનીબે વ્યક્તિ હોઈ શકે, માટે લખવું ''મારા સાળા ....... ના પુત્ર શ્રી ........ ને આ રકમ આપવી.''

૧૫) વસિયતમાં સંપત્તિનું સ્પષ્ટ વિવરણ તથા તેની વહેંચણી અથવા નિકાલના સ્પષ્ટ આદેશો લખવા.

૧૬) વસિયતમાં રેસીડયુઅરી સંપત્તિ તથા રેસીડયુઅરી લીગાટી (લાભાર્થી) નું વિવરણ અવશ્ય લખવું.

૧૭) વસિયત પર કોઈ સ્ટેમ્પ ડયુટી લાગતી નથી.

૧૮) વસિયતનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત નથી.

૧૯) વસિયત લખનારે અવશ્ય લખવું કે આ વસિયત તેઓ કોઈપણ જાતના દબાવ વગર સ્વસ્થ ચિત્તે શાંત મનથી લખી રહ્યા છે.

# “વસિયતનામું” લખવા માટેનો નમૂનો
# વિલ એટલે વસિયતનામું

હું નીચે સહી કરનાર :-

**નામ** : ____________________

**જન્મ તારીખ** : ____________________ **ઉંમર :** ____________________

**ધર્મે** : ____________________ **ધંધો :** ____________________

**રહેવાસી** : ____________________

આથી હું મારું આખરી વિલ એટલે વસિયતનામું જાહેર કરું છું.

મારા આ ક્ષણભંગુર, નાશવંત દેહનો કોઇ ભરોસો ન હોઇ અને જે જીવે છે તે અચૂક અવસાન પામે છે તે હેતુસર મારી સ્વપાર્જીત સ્થાવર અને જંગમ મિલકતની વહેંચણી મારી સંપૂર્ણ મરજીથી કોઇના પણ દબાણ વગર સમજી વિચારી સંપુર્ણ હોંશો - હવાસ સાથે મારી ઇચ્છાઓને નીચેની વિગતે મિલકતની વહેંચણી બાબતે લેખિત સ્વરૂપ આપવાનું મને યોગ્ય લાગે છે જેથી મારી હયાતી બાદ સ્વપાર્જીત, સ્થાવર અને જંગમ મિલકતની વહેંચણી કોઇપણ પ્રકારની મુશ્કેલી વગર થઇ શકે તેમજ મારો તેમજ મારા કુટુંબનો એકબીજા પ્રત્યેનો પ્રેમ જીવંત રહે. મારા અવસાન બાદ જ આ વસિયતનામાનો અમલ કરવાનો રહે છે.

મારા વારસદારોની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **નામ** | **મારા સાથેનો સંબંધ** |
|---|---|---|
| ૧ | ____________________ | ____________________ |
| ૨ | ____________________ | ____________________ |
| ૩ | ____________________ | ____________________ |
| ૪ | ____________________ | ____________________ |
| ૫ | ____________________ | ____________________ |

**એક્ઝીક્યુટર**

મારી મિલકતના મારા અવસાન પછીના વહીવટ માટે એકઝીક્યુટર તરીકે શ્રી............................................. ની મારી સ્વતંત્ર ઇચ્છાથી નિમણુંક કરું છું. તેઓ મારા અંગત સંબંધિ / સ્નેહી મિત્ર છે. તેમની વ્યવહારકુશળતા, નિષ્ઠા, પ્રામાણિકતા અને જ્ઞાન બાબતે મને સંપુર્ણ વિશ્વાસ છે અને મારા સંપુર્ણ ભરોસાને પાત્ર છે. વસિયત અંગેની કોઇપણ વિસંગતતા કે અસ્પષ્ટતા હોય તો તેનું નિરાકરણ કરવાની સત્તા હું એકઝીક્યુટરને આપું છુ.

એક્ઝીક્યુટરની વિગત નીચે મુજબ છે.

**નામ** : ________________________________________

**જન્મ તારીખ** : ____________________ **ઉંમર :** ________________

**રહેવાસી** : ________________________________________

મારી સ્થાવર તેમજ જંગમ મિલકતોની વિગત નીચે મુજબ છે.

(૧) સ્થાવર મિલકત : મકાન

(સરનામુ) ________________________________________

________________________________________

________________________________________

**નોંધ :**

૧. સ્થાવર મિલકતનું વર્ણન, ક્ષેત્રફળ, પ્રકાર, સર્વે નંબર વગેરે દર્શાવવું.

૨. એક કરતાં વધારે સ્થાવર મિલકત હોય તો તેનો ઉલ્લેખ પણ ક્રમાંક નંબર આપી અલગ રીતે કરવો. દા.ત.(૨)(૩) વગેરે

ઉપરની સ્થાવર મિલકતની વહેંચણી મારા અવસાન બાદ નીચે પ્રમાણે કરવી.
ઉપર ક્રમ - ૧ માં બતાવેલ મકાન મારા વારસદારશ્રી.................................. ને નામે તબદિલ કરવું.

**નોંધ :-**

૧. જો એક કરતાં વધારે મકાન હોય તો નીચે પ્રમાણે લખવું.

અન્ય મકાન કે મકાનો ઉપર ક્રમ - ૨ અથવા ક્રમ ૩ પર બતાવેલ વિગતેના મારા વારસદાર સર્વ શ્રી (૧)......................................., (૨) ..................................................... ના નામે અનુક્રમે તબદિલ કરવું.

અથવા

મારુ જે મકાન કે મકાનો જે ઉપર જણાવેલ છે તેનું વેચાણ કરી તેમાંથી ઉપજતી રકમની વહેંચણી મારા વારસદારો વચ્ચે સરખે ભાગે આપવા નીચે પ્રમાણે દર્શાવેલ ટકાવારીના ધોરણે વહેંચણી કરવી.

| **ક્રમ** | **વારસદારનું નામ** | **વહેંચણીની ટકાવારી** |
|---|---|---|
| ૧ | | ૦% |
| ૨ | | ૦% |
| ૩ | | ૦% |
| ૪ | | ૦% |
| ૫ | | ૦% |

**નોંધ :**

૧. લાગુ ન પડતું હોય તે છેંકી નાંખવું.

(૨) જંગમ મિલકત :

મારા દ્વારા પોતે ઉપાર્જીત કરેલ મિલકતમાંથી જંગમ મિલકતની વહેંચણી મારા વારસદારો વચ્ચે નીચે પ્રમાણે કરવી. (જો હોય તો જે તે વસ્તુ દર્શાવવી નહીંતર જે ન હોય તે છેંકી નાંખવું)

| **ક્રમ** | **જંગમ મિલકતની વિગત** | **વારસદારનું નામ** |
|---|---|---|
| ૧ | સોનાના દાગીના | |
| | અ. ______ | અ. ______ |
| | બ. ______ | બ. ______ |
| | ક. ______ | ક. ______ |
| | ડ. ______ | ડ. ______ |
| ૨. | ચાંદીના દાગીના/વાસણોની વિગત | |
| | અ. ______ | અ. ______ |
| | બ. ______ | બ. ______ |
| | ક. ______ | ક. ______ |
| | ડ. ______ | ડ. ______ |

૩. શેર સર્ટિફિકેટની વિગત :

નીચેની વિગતે મારા અવસાનબાદ મારા વારસદારોને તબદિલ કરવા.

(જો હોય તો દર્શાવવુ નહીંતર છેંકી નાંખવું)

| **ક્રમ** | **કંપનીનું નામ** | **શેરની સંખ્યા** | **વારસદારનું નામ** |
|---|---|---|---|
| અ. | ______ | ______ | ______ |
| બ. | ______ | ______ | ______ |
| ક. | ______ | ______ | ______ |
| ડ. | ______ | ______ | ______ |

૪. બેંક ફીકસ ડીપોઝીટની વિગત : બેંક એફ.ડી. નીચે પ્રમાણેની વિગતે વારસદારોને નામે કરવી. (જો હોય તો દર્શાવવુ નહીંતર છેંકી નાંખવું)

| **ક્રમ** | **બેંકનું નામ** | **ફીક્સ ડીપોઝીટની રકમ** | **વારસદારનું નામ** |
|---|---|---|---|
| અ. | ______ | ______ | ______ |
| બ. | ______ | ______ | ______ |
| ક. | ______ | ______ | ______ |
| ડ. | ______ | ______ | ______ |

ઉપરની મિલકતોની વિગતો આજની તારીખે એટલે કે વિલ / વસિયતનામું સહી કરવાની તા................................ ને દિવસે અસ્તિત્વમાં છે. આ મિલકતમાં જે વધારો થાય અથવા ઘટાડો થાય તો ઉપર દર્શાવેલ વહેંચણીના પ્રપોશનેટમાં તે રીતે વારસદારો વચ્ચે ઘટાડો કે વધારો કરવો.

(૩) જંગમ મિલકતો, બેંકો સિવાય જેવી કે ઇન્સ્યોરન્સ પોલિસી વિગેરેની વિગતો નીચે મુજબ :

| **ક્રમ** | **વિમા પોલિસી કે અન્ય રોકાણની વિગત** | **વારસદારનું નામ** |
|---|---|---|
| અ. | ____________________ | ____________________ |
| બ. | ____________________ | ____________________ |
| ક. | ____________________ | ____________________ |
| ડ. | ____________________ | ____________________ |

ઉપર મુજબનું વિલ એટલે કે વસિયતનામું મેં મારી સંપુર્ણ રાજીખુશીથી, વાંચી-સમજી, વિચારી, તન-મનના સાવધાનપણામાં તેમજ કોઇ પણ જાતના દબાણ સિવાય તેમજ મુક્ત સંમતિથી કરેલ છે જે અમોને તથા અમારા વંશ / વાલી / વારસદારો ઇત્યાદી સર્વેને સર્વ રીતે કબૂલ-મંજૂર અને બંધનકર્તા રહેશે.

આ તબક્કે મારી ઇચ્છા વ્યક્ત કરું છું કે મારા અંતિમ સંસ્કારનો જે કાંઇ ખર્ચ થાય તે મારી બચતમાંથી કરવો અને કોઇ ધાર્મિક વિધિ કરવી નહીં અથવા ધાર્મિક વિધિનો ખર્ચ પણ મારી બચતમાંથી કરવો. (જે લાગુ ન પડતું હોય તે છેંકી નાંખવું.)

ઉપરોક્ત વસિયત આજરોજ તા........................માહે........................ વર્ષ................. ના રોજ બે સાક્ષીઓની હાજરીમાં મારા હસ્તાક્ષર ઉપરાંત બે સાક્ષીઓના હસ્તાક્ષર દ્વારા કરેલ છે.

તા............................ વિલ/વસિયતનામું કરનારની સહી

............................................

સાક્ષી (૧) : ..................................... ....................................
(નામ) (સહી)

સાક્ષી (૨) : ..................................... ....................................
(નામ) (સહી)

કાલુપુર બેંક
ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.
સ્થાપના : ૧૯૭૦
મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક

**હેડ ઓફિસ** : ''કાલુપુર બેંક ભવન'', આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.
079 27582020 to 26 info@kalupurbank.com
**www.kalupurbank.com**